



Be sure that I am always present among you to guide and help you in your work and your sadhana.


With my blessings

5 April 1954 - The Mother

ખાતરી રાખો કે તમારાં કાર્યમાં અને તમારી સાધનામા તમને દોરવા તથા મદદ કરવા માટે હું તમારાં બધાંની વચ્ચે હમેશાં હાજર છું.

મારા આશીર્વાદ સાથે

૫ એપ્રિલ ૧૯૫૪ - શ્રી માતાજી




Whatever you do, do it always carefully.

With my blessings

2 April 1954 - The Mother

તમે જે કાંઈ કરો, હમેશાં કાળજીપૂર્વક કરો.

મારા આશીર્વાદ સાથે

૨ એપ્રિલ ૧૯૫૪ - શ્રી માતાજી

(Reference: Prosperity of October 2011, December 2012, December 2013)
(સંદર્ભ: પ્રોસ્પેરિટી ઓક્ટોબર ૨૦૧૧, ડિસેમ્બર ૨૦૧૨, ડિસેમ્બર ૨૦૧૩)

**From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● December 2020
https://themothersprosperity.org

Prosperity
શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2020
DECEMBER
૧ ડિસેમ્બર, ૨૦૨૦

—— Sri Aurobindo : 5.12.1950 ——

—— શ્રી અરવિન્દ : ૫.૧૨.૧૯૫૦ ——

9 December 1950

To Thee who hast been the material envelope of our Master, to Thee our infinite gratitude. Before Thee who hast done so much for us, who hast worked, struggled, suffered, hoped, endured so much, before Thee who hast willed all, attempted all, prepared, achieved all for us, before Thee we bow down and implore that we may never forget, even for a moment, all we owe to Thee.

- The Mother

૯ ડિસેમ્બર ૧૯૫૦

અમારા ગુરુના નિવાસ રૂપ બનેલા હે પાર્થિવ આવરણ, તારા અમે અપાર અપાર કૃતજ્ઞ છીએ. અને આપને, નમન છે અમારાં આપને ચરણે, હે ગુરુ ! આપે અમારે માટે કેટલું કેટલું કર્યું છે ! આપે કાર્ય ઉપાડ્યું, જંગ ખેડ્યા, ઘા વેઠ્યા, આશાઓ સેવી અને કેટલું કેટલું યે તપ્યા. હે ગુરુ, આપે વિશ્વની સકલ સિદ્ધિને માટે સંકલ્પ સેવ્યો, એ સર્વને સિદ્ધ કરવાની સાધના આદરી, તૈયારી કરી, અને અમારે માટે સર્વ કંઈ સિદ્ધ કરી આપ્યું. આપને અમારાં નમન છે, અને પ્રાર્થના છે કે આપના પ્રતિનું અમારું આ સર્વ ઋણ અમે કદી પણ, એક ક્ષણ માટે પણ વીસરીએ નહિ.

- શ્રી માતાજી

## RADHA'S PRAYER

O Thou whom at first sight I knew for the Lord of my being and my God, receive my offering.

Thine are all my thoughts, all my emotions, all the sentiments of my heart, all my sensations, all the movements of my life, each cell of my body, each drop of my blood. I am absolutely and altogether Thine, Thine without reserve. What Thou wilt of me, that I shall be. Whether Thou choosest for me life or death, happiness or sorrow, pleasure or suffering, all that comes to me from Thee will be welcome. Each one of Thy gifts will be always for me a gift divine bringing with it the supreme Felicity.

- The Mother

13 January 1932
CWM – Vol. 15, p. 224

## રાધાની પ્રાર્થના

ઓ, તારાં પ્રથમ વાર દર્શન થયાં અને મેં જાણ્યું કે તું જ છે મારો જીવન સ્વામી, તું જ છે મારો પ્રભુ, મારા અર્પણનો સ્વીકાર કર.

તારા જ છે મારા સર્વ વિચારો, મારી સર્વ લાગણીઓ, મારા હૃદયના ભાવો, મારાં સર્વ સંવેદનો, મારા જીવનની સર્વ ક્રિયાઓ, મારા શરીરનો પ્રત્યેક કોષ, મારા રક્તનું એકેએક બિંદુ. પૂર્ણ ભાવે અને સર્વ ભાવે, નિ:સંકોચ, હું તારી જ છું. મારા માટે તારી જે કંઈ ઈચ્છા હશે તે હું થઈશ. મારા માટે તું જીવન પસંદ કરીશ કે મૃત્યુ, સુખ કે દુઃખ, આનંદ કે વેદના, તારી પાસેથી મને જે કાંઈ મળશે તે સર્વ હું સત્કારી લઈશ. તારી એકેએક બક્ષિસ મારા માટે હંમેશાં પ્રભુની દિવ્ય બક્ષિસ બનશે અને એ મને પરમ આનંદ આપશે.

- શ્રી માતાજી

૧૩ જાન્યુઆરી ૧૯૩૨

## NEW WORLD . . . . નવું જગત

… but what has happened, the really new thing, is that a new world is *born, born, born*. It is not the old one transforming itself, it is a *new* world which is *born*. And we are right in the midst of this period of transition where the two are entangled – where the other still persists all-powerful and entirely dominating the ordinary consciousness, but where the new one is quietly slipping in, still very modest, unnoticed – unnoticed to the extent that outwardly it doesn't disturb anything very much, for the time being, and that in the consciousness of most people it is even altogether imperceptible. And yet it is working, growing – until it is strong enough to assert itself visibly.

- The Mother

Questions & Answers – Vol. 9
10th July 1957

… પણ જે થયું છે, જે સાચે જ નવી વસ્તુ બની છે તે એ કે એક નવું જગત જન્મ્યું છે- જન્મ્યું છે, જન્મ્યું છે. એ કંઈ સ્વ-રૂપાંતર કરી રહેલું જૂનું જગત નથી, એ તો એક નવું જગત જ જન્મ પામ્યું છે. અને આપણે આ બે જગતના સંક્રાન્તિકાળની બરાબર મધ્યમાં આવેલા છીએ, જ્યાં બંને જગત એકમેકમાં ગૂંચવાયેલાં છે - જ્યાં જૂનું જગત સામાન્ય ચેતના ઉપર પૂર્ણ પ્રભુત્વ જમાવીને પૂરા બળથી ટકી રહ્યું છે અને જ્યાં નવું જગત હજી ઘણું જ નમ્ર, પડદા પાછળ શાંતિપૂર્વક સરકી આવી રહ્યું છે. એવું તો અદ્રશ્ય એ રહે છે કે સ્થૂલ જગતમાં - થોડા સમય પૂરતું - બાહ્ય દ્રષ્ટિને કશું જ વધુ પડતું અવ્યવસ્થિત થયેલું દેખાતું નથી. મોટા ભાગના માણસોની ચેતના માટે તો એ પૂરેપૂરું અદ્રશ્ય જ હોય છે. અને તે છતાં એ કામ કરી રહ્યું છે, વિકાસ પામી રહ્યું છે - જ્યાં સુધી એ શક્તિમાન બની પોતાની જાતને દ્રશ્ય બનાવે અને પોતાનું અસ્તિત્વ વ્યક્ત કરે.

- શ્રી માતાજી

'પ્રશ્નો અને ઉત્તરો' - ૯
૧૦ જુલાઈ ૧૯૫૭